# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને ઉચ્ચ સપના જોવા અને વૈશ્વિક સ્તરની એકાઉન્ટિંગ, નાણાં, કાયદો અને કન્સલ્ટન્સી સંબંધિત સંસ્થાઓ બનાવવા અપીલ કરી.

2) ગૃહમંત્રી અમિત શાહ આજે ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની 28મી બેઠકની અધ્યક્ષતા કરશે.

3) છત્તીસગઢમાં જગદલપુરમાં NIAની ખાસ અદાલતે ઝીરામ ખીણમાં માઓવાદી હુમલાના તમામ 10 આરોપીઓને દોષિત ઠેરવ્યા.

4) બેડમિન્ટનમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ચાઈના માસ્ટર્સની ફાઇનલમાં ચીનની જોડી સામે ટકરાશે.

5) મહિલા ક્રિકેટમાં T20 એશિયા કપની મેચમાં ભારતે પાકિસ્તાનને સાત વિકેટે હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM – SRCC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવાનોને મોટા સપના જોવા અને વૈશ્વિક સ્તરની એકાઉન્ટિંગ, નાણાં, કાયદો અને કન્સલ્ટન્સી સંબંધિત સંસ્થાઓ બનાવવા અપીલ કરી. શ્રી મોદીએ જણાવ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતનો ત્રિમાસિક GDP વૃદ્ધિ દર 7.8 ટકા છે જે તેની આર્થિક શક્તિ દર્શાવે છે. નવી દિલ્હીમાં શ્રી રામ કોલેજ ઓફ કોમર્સના શતાબ્દી સમારોહમાં સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે વિશ્વ ભારતને સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બનતું જોઈ રહ્યું છે,

## બાઇટ – PM ECONOMY--- SRCC

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે એપ્રિલ અને જૂન વચ્ચે વીજ ઉત્પાદનમાં 9 ટકાનો વધારો થયો છે. તેમણે નોંધ્યું હતું કે આ સમયગાળા દરમિયાન કુલ વાહનોના વેચાણમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે, જેમાં ટુ-વ્હીલરમાં 20 ટકા અને થ્રી-વ્હીલરમાં લગભગ 30 ટકાનો વધારો શામેલ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી રામ કોલેજ ઓફ કોમર્સે વિદ્યાર્થીઓની પેઢીઓને શીખવા, વિકાસ કરવા અને પરિવર્તન લાવવાની તક પૂરી પાડી છે. શ્રી મોદીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને ખૂબ જ વિશિષ્ટ અને અગ્રણી ગણાવ્યા. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ભૂતપૂર્વ નાણામંત્રી અરુણ જેટલી SRCCના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. શ્રી મોદીએ કોલેજના સ્થાપક શ્રી રામને શ્રદ્ધાંજલિ આપી.

# AMIT SHAH – GOA

ગૃહમંત્રી અમિત શાહ આજે ગોવામાં પશ્ચિમ ઝોનલ કાઉન્સિલની 28મી બેઠકની અધ્યક્ષતા કરશે. તેઓ ગૃહ મંત્રાલયની બેઠકની અધ્યક્ષતા કરશે અને મીડિયાને સંબોધિત કરશે.

શ્રી શાહ ભારતીય જનતા પાર્ટીના નવા રાજ્ય કાર્યાલયનું ઉદ્ઘાટન પણ કરશે. શ્રી શાહ ગઈકાલે ત્રણ દિવસની મુલાકાતે ગોવા પહોંચ્યા હતા.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.......

## VC – નિખિલ

# ANDAMAN LG

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડૉ. દિનેશ શર્માને આંદામાન અને નિકોબારના ઉપરાજ્યપાલ તરીકે નિયુક્ત કર્યા છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ ડૉ. શર્મા નિવૃત્ત એડમિરલ દેવેન્દ્રકુમાર જોશીનું સ્થાન લેશે, જેમણે ઓક્ટોબર 2017 થી ટાપુઓના ઉપરાજ્યપાલ તરીકે સેવા આપી હતી.

ડૉ. શર્મા હાલમાં ઉત્તરપ્રદેશના રાજ્યસભા સાંસદ છે અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે પણ સેવા આપી છે.

# KIRTI - SAUDI ARABIA VISIT

વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહ ચાર દિવસની મુલાકાતે ગઈકાલે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ પહોંચ્યા. શ્રી સિંહની સાઉદી અરેબિયાની આ પહેલી મુલાકાત છે. તેઓ સાઉદી માનવ સંસાધન અને સામાજિક વિકાસ મંત્રી, વિદેશ રાજ્યમંત્રી અને આબોહવા, પર્યાવરણ, પાણી અને કૃષિ નાયબ મંત્રીને મળશે.

શ્રી સિંહ સાઉદી અરેબિયામાં ભારતીય મૂળના લોકો, ભારતીય ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો અને વ્યાવસાયિકો સાથે પણ મુલાકાત કરશે. તેઓ સાઉદી અરેબિયામાં કામ કરતા ભારતીય કામદારો સાથે પણ વાતચીત કરશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર શ્રી સિંહની મુલાકાત બંને દેશોને માનવ સંસાધન, કૌશલ્ય વિકાસ, પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક પૂરી પાડશે અને બંને દેશો વચ્ચે બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# CHHATTISGARH-NIA

છત્તીસગઢમાં જગદલપુરમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ની ખાસ અદાલતે ઝીરામ ખીણમાં માઓવાદી હુમલાના તમામ 10 આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. આ કેસમાં કુલ 11 આરોપીઓ હતા, જેમાંથી એકનું મૃત્યુ થયું હતું.

અદાલતે બે મહિલાઓ સહિત તમામ દસ આરોપીઓને 29 લોકોની હત્યા અને 15 લોકોની હત્યાનો પ્રયાસ કરવા માટે દોષી ઠેરવ્યા. સજાનો નિર્ણય 16 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે.

મે 2013માં ઝીરામ ખીણમાં કોંગ્રેસના નેતાઓના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સહિત 29 લોકો માર્યા ગયા હતા.

# CDSCO DRUG RAID

દિલ્હીમાં નકલી દવાના વેપારીઓ સામે કાર્યવાહી વધુ તીવ્ર બની છે. ખોટી લેબલવાળી અને નકલી દવાઓના ઉત્પાદન અને વિતરણને રોકવા માટે દિલ્હી પોલીસની ક્રાઈમ કંટ્રોલ બ્રાન્ચ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ પર સતત નજર રાખી રહી છે. કેન્દ્રીય ઔષધ માનક નિયંત્રણ સંસ્થા CDSCO આ સંદર્ભમાં દિલ્હી પોલીસ અને અન્ય એજન્સીઓ સાથે સંકલન કરે છે.

આ વર્ષે એપ્રિલમાં દિલ્હી પોલીસે ખોટી લેબલવાળી રેબીઝ રસી જપ્ત કરી હતી જે પ્રમાણભૂત ગુણવત્તાની નહોતી. આ કેસમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# NBEMS - NEET PG RE-EXAM

રાષ્ટ્રીય આયુવિજ્ઞાન પરીક્ષા બોર્ડ NBEMSએ રાજસ્થાનના જયપુરના સીતાપુરામાં આયન ડિજિટલ ઝોન પરીક્ષા કેન્દ્ર પર NEET-PG પુનઃપરીક્ષા સફળતાપૂર્વક યોજી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર જયપુરના પાંચ કેન્દ્રો પર પરીક્ષા સરળતાથી યોજાઈ હતી.

ગયા મહિનાની 30મી તારીખે જયપુરના પરીક્ષા કેન્દ્રો પર વીજળીની સમસ્યાને કારણે બે હજાર 445 ઉમેદવારોની પરીક્ષા પૂર્ણ થઈ શકી ન હતી.

# BADMINTON

બેડમિન્ટનમાં ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી ત્રીજી વખત ચાઇના માસ્ટર્સની ફાઇનલમાં પહોંચ્યા છે. વિશ્વની 5મી ક્રમાંકિત જોડીએ સેમિફાઇનલમાં મલેશિયાના નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને તાન વી કિઓંગને 21-15, 18-21, 21-11થી હરાવ્યા હતા.

આ ભારતીય જોડી આજે ફાઇનલમાં ચીનના હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુનો સામે ટકરાશે.

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટમાં ભારતે T20 એશિયા કપના ગ્રુપ A મેચમાં પાકિસ્તાનને હરાવ્યું. દુબઈમાં પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાન 18 ઓવર અને એક બોલમાં ફક્ત 55 રનમાં ઓલઆઉટ થઈ ગયું. આ T20માં તેનો અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર છે. ભારતે 8 ઓવર અને ચાર બોલમાં લક્ષ્ય હાંસલ કર્યું. ભારત માટે, સ્પિનરો શ્રીચરણી અને પ્રેમા રાવતે ત્રણ-ત્રણ વિકેટ લીધી, જ્યારે દીપ્તિ શર્માએ બે વિકેટ લીધી.

હરમનપ્રીતની કેપ્ટન તરીકે આ 150મી T20 મેચ હતી. તે પુરુષ કે મહિલા ક્રિકેટમાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ કેપ્ટન છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના તમામ અખબારોમાં વિશ્વના નવા નકશા અને રશિયા-યુક્રેન યુદ્ધ વિરામના સમાચારોનો મુખ્ય માથાળામાં સમાવેશ કરાયો છે
- ગુજરાત સમાચાર લખે છે.. વિશ્વનો નવો નકશો: આફ્રિકા મોટું, અમેરિકા વામણું દેખાશે
- સંદેશની હેડલાઇન છે.. દુનિયાનો નવો નકશો રજૂ: આફ્રિકા મોટું દેખાશે અન્ય હેડલાઇન છે....યુદ્ધ વિરામ: પુતીનનો ત્રણ દિવસ કિવ પરના હુમલા રોકવા આદેશ
- નવ ગુજરાતસમયમાં.. રશિયા યુક્રેન 72 કલાક એકબીજા પર હુમલા નહીં કરે.. યુએનએ વિશ્વનો નકશો બદલ્યો.. ભારતને નબળું બનવનારાઓને તેની વૃદ્ધિ પચતી નથી: પીએમ મોદી.. જેવી હેડ લાઇન વાંચવા મળી રહી છે.
- દિવ્ય ભાસ્કરે..આમ જનમત પાર્ટી..2 વર્ષમાં 836 કરોડનું દાન.. પક્ષનું રજીસ્ટ્રશન બિહારમાં સરનામું ગુજરાતમાં.. નર્મદા કેનાલ માટે જમીન સંપાદનમાં સેટેલાઈટ ગોટાળો .. નેપાળ પૂરમાં હજુ 29 ગુજરાતી સંપર્ક વિહોણા .. જેવી વિવિધ હેડલાઇન લીધી છે.
- સ્થાનિક સમાચારોમાં .. રાજ્યની અદાલતોમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી .. વૃદ્ધાને ડિજિટલ એરેસ્ટ કરી 38 લાખ પડાવ્યા.. રાજ્યમાં 10 સપ્ટેમ્બર બાદ વરસાદ.. જેવા સમાચારોને સ્થાન અપાયું છે.